ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦૧
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૩/૦૧/૨૦૨૧

# // પરિપત્ર //

વિષયઃ- નિગમ ધ્વારા ફાળવવામાં આવતા ઔદ્યોગિક પ્લોટોના કિસ્સામા એકમ તરફથી પ્લોટોનો પ્રત્યક્ષ કબજો સંભાળેલ ન હોય તેવા પ્લોટોનો પ્રત્યક્ષ કબજો આપવા અને પ્લોટની વપરાશની સમયમર્યાદા નક્કી કરવા બાબત.

સંદર્ભઃ- નિગમની ૫૦૯મી સભા ધ્વારા કરેલ ઠરાવ ક્રમાંકઃ ૬૯/પ્રિ-વિતરણ/૫૦૯, તા.૧૫/૧૨/૨૦૨૦.

નિગમ દ્વારા ફાળવવામા આવતા પ્લોટમાં એકમ દ્વારા ફાળવણીપત્રની પૂર્તતા થતાં કરારખત કાર્યાન્વિત કરી પ્લોટનો પ્રત્યક્ષ કબજો સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અને એકમ દ્વારા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી પાસેથી પ્લોટનો પ્રત્યક્ષ કબજો સંભાળી પ્લોટના વપરાશની કામગીરી કરવામા આવે છે. સમયાંતરે એવું ધ્યાને આવેલ છે કે, ઘણા કિસ્સાઓમાં પ્લોટની ફાળવણી કર્યા બાદ અને ફાળવણીપત્રની પૂર્તતા થયા બાદ ક્ષેત્રિય કચેરી ધ્વારા ફાળવેલ પ્લોટના કરારખત કર્યાન્વિત કરી પઝેશન એડવાઇઝ જારી કરવામાં આવે છે પણ એકમ દ્વારા કોઇ કારણસર સમયમર્યાદામાં પ્લોટનો પ્રત્યક્ષ કબજો લેવામાં આવતો નથી. આવા કિસ્સાઓ માટે વારંવાર નિગમને રજુઆતો મળતી રહે છે. જેથી સદર કોવિડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઇ અને રજુઆતો સંદર્ભે ફાળવણીદાર ધ્વારા ઉદ્યોગની સ્થાપના થઇ શકે તે હેતુથી આવા કિસ્સાઓ બાબતે યોગ્ય નીતિ ઘડવી જરૂરી જણાતાં સદર બાબત વિચારણા હેઠળ હતી. જે અંગેની દરખાસ્ત નિગમની ૫૦૯મી સભા સમક્ષ રજૂ થઇ હતી. જેમાં કરેલા ઠરાવ ક્રમાંકઃ ૬૯/પ્રિ-વિતરણ/૫૦૯, તા.૧૫/૧૨/૨૦૨૦ ધ્વારા નીચે મુજબની નીતિ અમલમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવે છે.

નિગમ દ્વારા ફાળવવામા આવતા ઔદ્યોગિક પ્લોટો પૈકી જે કિસ્સામાં એકમ દ્વારા પ્લોટનો પ્રત્યક્ષ કબજો લેવામા આવેલ ન હોય તેવા કિસ્સામાં કબજા સૂચિપત્ર જારી કર્યાના ૩૦(ત્રીસ) દિવસની સમયમર્યાદા પૂર્ણ થયા તારીખથી પ્લોટના વપરાશ/ઉપયોગની સમયમર્યાદા ધ્યાનમાં લેવાની રહેશે તથા તા.૩૧/૦૩/૨૦૨૨ અથવા મળવાપાત્ર વપરાશની સમયમર્યાદા બે માંથી જે મોડુ હોય તે વપરાશની સમયમર્યાદા તરીકે ગણવાનું રહેશે. જો એકમ સદર સમયગાળા દરમિયાન પ્લોટનો વપરાશ કરે તો વણવપરાશી દંડની રકમ

વસુલવાની રહેશે નહીં અને આ બાબતનું બાંહેધરીખત એકમ પાસેથી મેળવવવાનું રહેશે. પરંતુ એકમ દ્વારા સદર સમયમર્યાદા દરમિયાન પ્લોટનો વપરાશ કરવામાં ન આવે તો, મોરેટોરિયમ પીરીયડ પૂર્ણ થયેથી એકમ પાસેથી નિગમની નીતિ પ્રમાણે વણવપરાશી દંડની રકમ વસુલવાની રહેશે. સદર બાબતની ઓનલાઇન અરજી એકમ દ્વારા તા. ૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં કરવાની રહેશે. સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

સહી/-

(એમ. થેન્નારસન)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર.